मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

ચૈત્ર

પુસ્તક ૯૩ મુ

અંક ૬

૭મી મે

૧૯૭૭



ચૈત્ર

વીર ૨૫૦૩

વિક્રમ સંવત ૨૦૩૩

મનુષ્ય જન્મરૂપ વૃક્ષના ફલો (ઉપજાતિ વૃત્તમ્)

જિનેન્દ્ર પૂજા ગુરૂ પર્યુપાસ્તિઃ
સત્વાનુંકમ્પા શુભપાત્રદાનમ્
ગુણાનુરાગઃ શ્રુતિરાગ મસ્ય,
નૃજન્મ વૃક્ષસ્ય ફલાન્યમૂનિ ॥

(ગુજરાતી

પૂજા તીર્થંકરની કરવી સેવા ગુરૂની આચરવી
સર્વ જીવો પર દયા કરીને લક્ષ્મી પાત્રે વાપરવી
શ્રવણ શાસ્ત્રનું નિત્ય કરીને ગુણીજનો પર રાગ ધરો
નરભવરૂપી કલ્પતરૂના આવા ફળનો સ્વાદ કરો

: પ્રગટ :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૯૫ મું :: વાર્ષિક લવાજમ પોસ્ટેજ સહિત ૬-૫૦

## : अनुक्रमणिका :


| ક્રમ | લેખ | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | સામાન્ય જિનસ્તવનો | સ્વ. માસ્તર શામજી હેમચંદ દેસાઇ | ૩ |
| ૨. | શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ | શરણાર્થી | ૪ |
| ૩. | શ્રી જૈન રામાયણ | શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી | ૫ |
| ૪. | રાજ પ્રસાદી | અમર | ૭ |
| ૫ | મોહ મારે છે | રતિલાલ માણેકલાલ શાહ | ૮ |
| ૬. | કર્મના ફળ | આ. અશોકચંદ્ર સૂ. મ (ડહેલાવાળા) | ૧૦ |
| ૭. | શ્રમણ ભગવાન મહાવીર | શ્રીમદ્ વિજયધર્મસૂરિશ્વરજ મ. | ૧૧ |
| ૮. | મનને હીનકક્ષાનો આનંદ ગમે છે | શાહ દીપચંદ જીવણલાલ | ૧૩ |
| ૯. | મંગલસૂત્ર નમસ્કાર | મુની ચરણ વિજયજી | ૧૪ |
| ૧૦. | શ્રી ગિરનાર ગિરિશ્વર કલ્પનું ભાષાંતર | સંગ્રાહકઃ સ્વરૂપચંદ હીરાચંદ શાહ | ૧૫ |




અમારે ત્યાં નીચેના પુસ્તકો હાજર સ્ટોકમાં મળશે.

| પુસ્તકના નામ | કિંમત રૂા. પૈસા |
|---|---|
| ૧. શ્રી લલીત વીસ્તરા | ૨૨-૦૦ |
| ૨. ઉપમિતિ ભવ પ્ર. કથા ભા-૧ | ૧૦-૦૦ |
| ૩. ઉપમિતિ ભવ પ્ર. કથા ભા-૩ | ૧૦-૦૦ |
| ૪ ત્રીષષ્ટી શલાક પૂ. ચરીત્ર પર્વ ૧-૨ | ૭-૦૦ |
| ૫ ત્રીષષ્ટી શલાકા પૂ. ચરીત્ર પર્વ ૭મું જૈન રામાયણ | ૭-૦૦ |
| ૬. સીદ્ધર્ષી | ૧૦-૦૦ |
| ૭. હીત શિક્ષા રાસનું રહસ્ય | ૩-૦૦ |
| ૮ પાર્શ્વનાગ ચરીત્ર પ્રત આકારે ગુજરાતી | ૬-૦૦ |
| ૯. ઘરની લક્ષ્મી | ૨-૦૦ |
| ૧૦. શ્રી ઉપદેશ પ્રસાદ ભાષાંતર ભા-૨ ગુજરાતી | ૮-૦૦ |
| ૧૧. શારદા પૂજનની વિધી | ૦-૪૦ |
| ૧૨. વર્ધમાન દેશના | ૫-૦૦ |
| ૧૩. અક્ષય નીધી તપની વીધી | ૦-૬૦ |
| ૧૪. ૧૦૦૮ તીર્થંકરોની નામાવલી | ૧-૦૦ |

મળવાનું ઠેકાણું :- શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ઉડીવખાર-ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૯૬ મુ
અંક ૬ ઠ્ઠો

ચૈત્ર

વીર સં. ૨૫૦૩
વિક્રમ સં. ૨૦૩૩

# સામાન્ય જિન સ્તવનો

અહો જિનરાજ શું કીધું? એકીલા શિવ લઇ લીધું
અનાદિકાળની પ્રીતિ, તોડીશું સુજ્ઞની રીત ॥ ૧

ખરા દિલદાર તે કહીએ. ખરા દાતાર તે લઈએ
ઉગારે જે બહુ પ્રાણી. બધાને સારિખા જાણી ॥ ૨

તમે તો મુજને ત્યાગી. થયા છો મોક્ષના ભાગી
હવે હું સાંભરૂં શેનો? હવે તો ઓળખો શેનો ॥ ૩

તમે છોડયો પ્રભુ મુજને, તથા પિના તજું તુજને
મને તો આશરો તારો, કૃપાળુ નાથ તું મારો ॥ ૪

પૂરવની પ્રીત સંભારી, મને લ્યો તમે તારી
કહે છે શામજી સાચું. બીજા દેવો નહિં જાચું ॥ ૫

રચયીતા : સ્વ. માસ્તર શામજી હેમચંદ દેસાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ



(ગયા અંકથી ચાલુ) લેખક : શરણાર્થી

તે આપ જાણો છો તેથી બળનો પુરેપુરો વિચાર કર્યા પછી બાથ ભીડવી ઘટે છે. "તે ત્રણ જણા કોણ?" મહારાજ જરાસંધે પૂછ્યું.

"કૃષ્ણ અને બળભદ્ર એ બંને બાંધવોની જોડી આપના જેવા અતિરથી વીર છે. આપતો શત્રુઓને કુટીકુટીને વૃદ્ધ થઇ ગયા છો. અને તેઓ અષાઢી મેઘની માફક નવીન અભ્યુદય વાળા છે. અને ત્રીજા અરિષ્ટનેમિ આપના પરાક્રમી સામંત સમુદ્રવિજયના કુમાર ફક્ત તે એકજ અરિષ્ટનેમિ ત્રણ લોકનો વિજય કરવાને સમર્થ છે, મહારાજ! આપજ કહોકે તેની સામે યુદ્ધ કરવાને કોઇ સમર્થ છે દેવતાઓ પણ જે નેમિની સેવા કરે છે. ખુદ ચોસઠ ઇંદ્રો પણ જેમના ચરણ કમળમાં આળોટે છે, એવા ત્રિલોકમાં પૂજ્ય અને પરાક્રમીનેમિ સાથે યુદ્ધની ઇચ્છા કોણ કરે? વળી આપ એ કૃષ્ણ અને બળભદ્રના ઐશ્વર્યને ક્યાં જાણતા નથી?

એટલે શું તમે મને યુદ્ધ કરતાં અટકાવી ઘરમા ભરાઇ રહેવાનું કહેવા આવ્યા! જરાસંધે કહ્યું.

ત્યારે શું જાણી જોઇને કાળના ગ્રાસ થવું એ શું નીતિ છે? એ ત્રણ અતિરથી સિવાય પાંચ પાંડવો વસુદેવ, શાંબ, પ્રદ્યુમ્ન વગેરે મહારથી પુરૂષો તો અનેક છે, પૂર્વે અરિષ્ટપુરમાં રોહિણીના સ્વયંવર સમયે એ કૃષ્ણ બળભદ્રના પિતા વસુદેવને સર્વ રાજાઓની આગળ સૂર્ય સરખો તમે જોયો હતો. તે વખતે વસુદેવના બળ આગળ તેને જીતવાને કોઈપણ રાજા સમર્થ થયો ન હોતો, વળી યાદ છે કે તેજ વસુદેવને મારી નાંખવાને તમે સુભટોને સોંપ્યો હતો."

"હા! ધ્રુત, ક્રીડામાં કોટી દ્રવ્ય જીતવાથી મને મારી પુત્રીને જીવાડવાથી એને ઓળખીને મેં સુભટો પાસે મારી નંખાવવાનો હુકમ કર્યો હતો" "શા માટે?" પૂર્વે જ્ઞાનીએ કહ્યું હતું કે તેનો પુત્ર મારો નાશ કરનાર થશે. માટે જ મેં તેના નાશની તૈયારીઓ કરી હતી" જરાસંધે કારણ બતાવ્યું.

"છતાં તમારા સુભટોમાંથી પણ એ પોતાના પ્રભાવથી જીવતો રહ્યો. એવા બળવાન વાસુદેવથી આ રામ–કૃષ્ણનો જન્મ થયો છે. આજે ફાલીફુલીને રામ કૃષ્ણ સહીત યાદવવંશ જગતમાં વૃદ્ધિને પામ્યું છે, તેમ જ ઇંદ્રની આજ્ઞાથી કુબેર દેવતાએ સુંદર એવી દ્વારિકાપુરી રચી આપી છે, એવા પરાક્રમી રામકૃષ્ણો શું તમે જીતી શકવાના હતા? મને તો ભય લાગે છે કે :– [ક્રમશઃ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ગયા અંકથી ચાલુ ) —શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી

અનુક્રમે પુરંદરે પણ પોતાની પૃથિવી નામની રાણીની કૂક્ષીથી ઉત્પન્ન થયેલા કીર્તિધર નામના પુત્રને રાજ્ય સોંપીને ક્ષેમંકર નામના મુનિ પાસે દીક્ષા લીધી. કીર્તિધર રાજા ઇંદ્રાણી સાથે ઇંદ્રની જેમ સહદેવી નામની પત્નીની સાથે વિષયસુખ ભોગવવા લાગ્યો. એકદા તેને દીક્ષા લેવાની ઇચ્છા થઇ, એટલે મંત્રીઓએ તેને કહ્યું કે–"જ્યાં સુધી પુત્ર ઉત્પન્ન થયો નથી ત્યાં સુધી તમારે વ્રત લેવું યોગ્ય નથી. જો તમે અપુત્ર-પણામાં વ્રત લેશો તો પૃથ્વી અનાથ થઇ જશે; માટે હે સ્વામી ! પુત્ર ઉત્પન્ન થાય ત્યાં સુધી રાહ જુઓ." મંત્રીઓએ આ પ્રમાણે કહેવાથી કીર્તિધર રાજા દીક્ષા ન લેતાં ગૃહવાસમાં રહ્યો. કેટલોક કાળ ગયા પછી તેને સહદેવી રાણીથી સુકોશલ નામે પુત્ર થયો. તેનો જન્મ થતાં જ 'આ બાળપુત્ર જન્મેલો જાણી મારા પતિ દીક્ષા લઈ લેશે' એવું ધારી સહદેવીએ તેને ગોપવી દીધો. તે બાલક ગુપ્ત છતાં રાજાના જાણ-વામાં આવી ગયો, કેમકે 'ઉદય પામેલા સૂર્યને ગોપવાને કોણ સમર્થ છે?' પછી સ્વાર્થકુશળ એવા કીર્તિધર રાજાએ સુકોશલકુમારને રાજ્ય ઉપર બેસારીને વિજયસેન મુનિની પાસે દીક્ષા લીધી. તીવ્ર તપસ્યા કરતા અને અનેક પરીસહોને સહન કરતા તે રાજર્ષિ ગુરુની આજ્ઞા પામીને એકાકી વિહાર કરવા લાગ્યા. એક વખતે કીર્તિધર મુનિ માસોપવાસી હોવાથી પારણાની ઇચ્છાએ સાકેતનગરમાં આવ્યા. ત્યાં મધ્યાહ્ન વખતે ભિક્ષાને માટે ભમવા લાગ્યા. રાજમહેલ ઉપર રહેલી સહદેવીએ તેમને જોયા, એટલે તેણે વિચાર્યું કે–'પૂર્વે આ પતિ દીક્ષિત થયા તેથી હું પતિરહિત તો થઈ છું, હવે મારો પુત્ર સુકોશલ જો એમને જોઈને દીક્ષા લેશે તો હું પુત્રવગરની થઇશ અને આ પૃથ્વી ધણીવગરની થઇ જશે; માટે આ રાજ્યની કુશળતા રહેવા સારુ આ મુનિ મારા પતિ છે, વ્રતધારી છે અને નિરપરાધી છે તે છતાં પણ તેને નગરમાંથી કાઢી મૂકાવવા જોઈએ." આવો વિચાર કરીને સહદેવીએ બીજા વેશધારીઓની પાસે તેને નગરની બહાર કાઢી મૂકાવ્યા. જેમનું મન લોભથી પરાભવ પામ્યું છે તેને ચિરકાળ વિવેક રહેતો જ નથી. તે વ્રતધારી સ્વામીને નગરની બહાર કાઢી મૂકેલા જાણી સુકોશલની ધાત્રીમાતા છૂટે મુખે રોવા લાગી. રાજા સુકોશલે તેને પૂછ્યું કે–'તું કેમ રૂએ છે?' ત્યારે તેણે શોકયુક્ત ગદ્ગદ્ સ્વરે કહ્યું–"હે વત્સ! જ્યારે તમે બાળક હતા ત્યારે તમારા પિતાએ તમને રાજ્ય ઉપર બેસારીને દીક્ષા લીધી હતી. તેઓ હમણા ભિક્ષાને માટે આપણા નગરમાં આવ્યા હતા. તેમનું દર્શન થતાં જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમે વ્રત ગ્રહણ કરશો એવી શંકાથી તમારી માતાએ તેમને નગર બહાર કાઢી મુકાવ્યા છે એ દુઃખથી હું રુદન કરું છું" તે સાંભળતાં જ સુકોશલ વિરક્ત થઇ પિતાની પાસે આવ્યો અને અંજલિ જોડી વ્રતની યાચના કરી. તે વખતે તેની પત્ની ચિત્રમાળા ગર્ભિણી હતી, તે મંત્રીઓની સાથે આવીને કહેવા લાગી કે-'હે સ્વામી ! આ અનાથ રાજ્યનો ત્યાગ કરવાને તમે યોગ્ય નથી.' રાજા સુકોશલે કહ્યું કે-'તારા ગર્ભમાં જે પુત્ર છે તેનો મેં રાજ્ય ઉપર અભિષેક કરેલો છે; કેમકે ભવિષ્યકાળમાં પણ ભૂતકાળનો ઉપચાર થાય છે.' એ પ્રમાણે કહી સર્વ લોકોની સંભાવના કરી સુકોશલે પિતાની પાસે દીક્ષા ગ્રહણ મહામુનિ થઇ પૃથ્વીતળને પવિત્ર કરતાં સાથે જ વિહાર કરવા લાગ્યા. પુત્રના વિયોગથી સહદેવીને ઘણો ખેદ થયો; તેથી આર્ત્તધ્યાનપરાયણપણે મૃત્યુ પામીને તે કોઇ ગિરિની ગુફામાં વાઘણ થઇ.

કીર્તિધર અને સુકોશલ મુનિ કે જે મનને દમન કરનારા, પોતાના શરીરમાં પણ નિઃસ્પૃહ અને સ્વાધ્યાયધ્યાનમાં તત્પર હતા તેઓ ચાતુર્માસ નિર્ગમન કરવાને માટે એક પર્વતની ગુફામા સ્થિર આકૃતિ કરીને રહ્યા. જ્યારે કાર્તિક માસ આવ્યો ત્યારે તે બંને મુનિ પારણા માટે ચાલ્યા. ત્યાં માર્ગમાં યમદૂતી જેવી પેલી દુષ્ટ વાઘણે તેઓને દીઠા. તત્કાળ તે વાઘણ મુખ ફાડીને સામી દોડી આવી. "દુહૃદ અને સુહૃદ જનોનું દૂરથી આગમન સરખું જ હોય છે." વાઘણ નજીક આવીને ઉપર પડવા તૈયાર થઇ, એટલે તે મુનિઓ ધર્મધ્યાનમાં તત્પર થઇને ત્યાં જ કાયોત્સર્ગે રહ્યા, તે વાઘણ પ્રથમ વિદ્યુત્‌ની જેમ સુકોશલ મુનિ ઉપર પડી અને દૂરથી દોડીને પ્રહાર કરવાવડે તેમને પૃથ્વી પર પાડી નાંખ્યા. પછી નખરૂપ અંકુશથી તેના ચર્મને ચટચટ શબ્દ કરતું ફાડી નાંખ્યું અને મરુદેશની વટેમાર્ગુ સ્ત્રી જેમ અતિ તૃષાર્ત્તપણે પાણી પીએ તેમ તે રુધિરપાન કરવા લાગી, રંક સ્ત્રી જેમ વાલુંક ખાય તેમ દાંતથી તડતડ તોડીને માંસ ખાવા લાગી અને ઇક્ષુદંડ(શેરડી)ને જેમ હાથિણી પીલી નાંખે તેમ તે કટકટ કરતી કઠોર અસ્થિઓને દાંતરૂપ યંત્રના અતિથિ કરવા લાગી; પરંતુ 'આ વાઘણ મને કર્મક્ષયમાં સહાયકારી છે' એમ માની મુનિ જરા પણ ગ્લાનિ પામ્યા નહીં, ઉલટા રોમાંચકને ધરવા લાગ્યા. વાઘણવડે આ પ્રમાણે ભક્ષણ કરાતા સુકોશલ મુનિ શુકલધ્યાનવડે તત્કાળ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરીને મોક્ષે ગયા, તેવી જ રીતે કીર્તિધર મુનિ પણ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી અનુક્રમે અક્ષત સુખના સ્થાનરૂપ પરમપદને પ્રાપ્ત થયા. (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાજ પ્રસાદી

લે. અમર

૬૩. જ્ઞાનીઓએ મનુષ્યપણું ચિંતામણી રત્ન તુલ્ય કહ્યું છે, તે વિચારો તો પ્રત્યક્ષ જણાય તેવું છે. વિશેષ વિચારતા તો તે મનુષ્યપણાનો એક સમય પણ ચિંતામણી રત્નથી પરમ મહાત્મયવાન અને મૂલ્યવાન દેખાય છે, અને જો દેહાર્થમાં જ તે મનુષ્યપણું વ્યતિત થયું તો તો એક ફુટી બદામની કિંમતનું નથી, એમ નિઃશંદેહ દેખાય છે.

૬૪. સર્વ દુ:ખનો આત્મંતિક અભાવ અને પરમ અવ્યાબાધ સુખની પ્રાપ્તિ એજ મોક્ષ છે અને તેજ પરમહિત છે, વીતરાગ માર્ગ તેનો સદુપાય છે.

૬૫. દેહથી ભિન્ન સ્વ પર પ્રકાશક પરમજ્યોતિ સ્વરૂપ એવો આ આત્મા તેમાં નિમગ્ન થાઓ હે આર્યજનો ! અંતર્મુખ થઇ, સ્થિર થઇ, તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો ! સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધ 'હે આર્યજનો ! આ પરમ વાક્યનો આત્મપણે તમે અનુભવ કરો.

૬૬. જેને કંઈ પ્રિય નથી, જેને કંઇ અપ્રિય નથી, જેને કોઇ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી, જેને માન-અપમાન, લાભ-અલાભ, હર્ષ-શોક, જન્મ-મૃત્યુ આદિ દ્રંદનો અભાવ થઈ જે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા છે, પામે છે અને પામશે તેમનું ઉત્કૃષ્ટ પરાક્રમ સાનંદાશ્ચર્ય ઉપજાવે છે.

૬૭. દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથા તથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે જેવો તરવાનો સંબંધ છે, તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધ સ્પષ્ટ આત્મા જેણે અનુભવ્યા છે, તે મહાપુરુષોને જીવન અને મરણ બંને સમાન છે.

૬૮. જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધ ચિતિસ્વરૂપ કાંતિપરમ પ્રગટ થઇ અચિંત્ય કહે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વભાવિક નિજસ્વરૂપ છે, એવો નિશ્ચય જે પરમકૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે.

૬૯. ચંદ્રભૂમિને પ્રકાશે છે, તેમાં કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઇ જાય છે, પણ કંઇ ચંદ્ર ભૂમિરૂપ કોઈ કાળે તેમ થતો નથી એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી, સદા સર્વદા ચૈતન્ય સ્વરૂપ જ રહે છે. વિશ્વમાં જીવ અભેદના માને છે. એજ ભ્રાંતિ છે; પરમ સુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સમાધિને સર્વકાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર.

 (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મોહ મારે છે

લેખક : રતિલાલ માણેકચંદ શાહ

એક રાજા હતો, તે સંત, સાધુ, મહાત્માઓનો સત્ સમાગમ કરવા હમેંશા ઉત્સુક રહેતો હતો. તેને એક કુંવર હતો, તે કુંવર સાથે એક દિવશે સંતના દર્શને ગયો. સંતે કહ્યું કે હે રાજા! આ તારો પુત્ર થોડા વર્ષોજ (સોળ વર્ષ) જીવશે. તેથી તેના લગ્ન કરીશ નહિ. પરંતુ તેને અધ્યાત્મ માર્ગ તરફ વાળજે, જેથી તેનો આત્મા ઉર્ધ્વગતિ પામશે. જો તેના લગ્ન કરવામાં આવશે તો તે ઉલટો ફસાશે જેથી તેની અધોગતિ થશે. કુંવરે પણ પિતાને કહ્યું કે, મારા લગ્ન ન કરવામાં આવે. છતાં પણ તે રાજાએ કુંવરને પરણાવ્યો. અને લગ્ન પણ ઘણાજ ધામધુમ પૂર્વક અત્યંત ખર્ચ કરીને કર્યા.

સંતના કહેવા પ્રમાણે કુંવર સોળ વર્ષનો થયો અને તેનું નિધાન થયું. રાજાને પછવાડે કોઈ વારસદાર ન હોવાથી. તે અત્યંત શોકાતુર બન્યો રાણી પણ અત્યંત દુ:ખ અનુભવનો લાગી. આથી રાજા-રાણી ઉભય આપઘાત કરવા તૈયાર થયા. ગુરુકૃપાએ તે સંતના કલ્યાણકારક સંકલ્પથી નારદજી ત્યાં આવી પહોંચ્યાં અને તેઓએ કહ્યું કે. આ કોણ છે? રાજા બોલ્યો; તે મારો પુત્ર છે પ્રભુ! તો, તું કહે કે તેનું તેં શું પેદા કર્યું? આ શરીર કે બીજું કાંઈ? રાજાએ પ્રતિઉત્તર આપતાં કહ્યું: હાજી નારદે કહ્યું કે, તો આ શરીર જેને તું પુત્ર કહે છે, અને તારૂં પેદા કરેલું માને છે અને મારૂંજ માને છે તો, તે, તો તારી પાસેજ પડેલું છે. લે.

કોઈ મુસાફર આપી કોઇના બાંધેલા મકાનમાં અથવા ધર્મશાળામાં રહ્યો, પાસે ભાતું હતું તે ખાધું. શહેરમાં આટો મારી આવ્યો, આપ્યું-લીધું, અનેક વ્યક્તિઓના સહવાસમાં આવ્યો, તેમની મુલાકાત લીધી ને ચાર દિવસ રહી ચાલ્યો ગયો, તેથી શું તે મકાન બનાવનાર પણ તેની જાય છે? શું માલિકે પણ મરવું? એતો મુસાફર હતો. થોડો સમય તારા મકાનમાં રહી ગયો, એનું પ્રારબ્ધ એને ભોગવી લીધું અને તે ચાલ્યો ગયો. જેને તું તારૂં માને છે, તે આ શરીર તો તારી પાસેજ પડેલું છે. લે તેને ભેટ, પણ તેને તો, તું જલાવી દેવા તૈયાર થયો છું! આ પ્રમાણે નારદજીએ, તેને ઉપદેશ આપ્યો. છતાં પુત્ર પ્રત્યેના મમત્વભાવ ને કારણે તે વાત માનવા' તે સ્હેજપણ તૈયાર ન હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજામાં પુત્ર પ્રત્યેનો સવિશેષ રાગભાવ જોઈને, નારદજીએ તે કુમારના શબમાં યોગકળા મૂકી, જેથી કુંવર જીવંત બન્યો. અને બોલ્યો કે, હે, રાજન્! મારે અને તમારે હવે શું લેવા-દેવા છે? તમારી પાસે મારૂં પૂર્વ ભવનું લાખો રૂપિયાનું લેણું હતું. જે વસુલ કરવા તમારે ત્યાં મારો જન્મ થયો અને તે વસુલ થઈ ગયું એટલે મારું મૃત્યુ થયું છે. પૂર્વે હું એક શ્રીમંત વણીક હતો, તમો ગરીબ ક્ષત્રિયે હતા. તમે મારે ત્યાંથી રૂપિયા ઉપાડયા હતા, તેની વ્યાજ સાથે મોટી રકમ થઈ જતાં. તે આપ્યા સિવાય તમો ગુજરી ગયા. તેથી તે મારૂં લેણું લેવા તમારે ત્યાં આવ્યો હતો અને તે ચૂકતે થઇ ગયું છે. મારૂં આ આ શરીર તમારા પાસે જ છે, મારે હવે તમારી સાથે કોઇ જાતનો સંબંધ નથી. 'હું પુત્ર નથી તમો પિતા નથી' એટલું કહી તે જીવ પાછો ચાલ્યો ગયો ત્યારે રાજાને જ્ઞાનનો આવિષ્કાર થયો. અને મડદું બાળી નાખવાની રજા આપી.

મોહથી અજ્ઞાનવશ વર્તી અહં-મમત્વનાં બંધન મજબુત બનાવ્યા છે; તેને તોડવા માટે આત્મજ્ઞાનની (સાચા જ્ઞાનની) ખાસ જરૂર છે. તે જ્ઞાન પ્રાદુર્ભૂત કરવા હરિ, ગુરુ, સંતની સેવા-સંગતિ કરતા રહી, વિચાર કરવાની જરૂર છે, તેથીજ મોહ દૂર થતા, સત્યજ્ઞાનનો આવિર્ભાવ થશે. સત્યજ્ઞાન ઉપલબ્ધ થતાં શાંતિનો આવિષ્કાર થાય છે. માટે અજ્ઞાત અવિદ્યાનો ત્યાગ કરો. અને સત્યજ્ઞાન પ્રાપ્ત કરો.

## અહિંસાનું મહાત્મ્ય

અહિંસા જેવી શકિતશાળી ચીજ દુનિયામાં કોઈ નથી, આ ત્રણ અક્ષરમાં તે શું કૌવત ભર્યું હશે કે જગતની સર્વ સુંદર ભાવનાઓ આમાંથી જન્મો! અહિંસા ઉપર આખી દુનિયાનું મંડાણ! પ્રેમ આમાંથી જન્મે. વિશ્વવાત્સલ્ય આમાંથી જાગે અને વિશ્વોદ્ધારની ભાવના પણ આમાંથી ઉદ્ભવે! અહો! અહિંસાનું કેવું મહાત્મ્ય!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્મના ફળ

સે પં. ધર્મ વિ મ.ના શીષ્ય આ **અશોકચંદ્ર સૂ મ.** (ડહેલાવાળા)

એક મનુષ્ય મૃત્યુ પામ્યો. યમના દૂતો તેના જીવાત્માને લઇ યમલોક ભણી ચાલતા થયા. તેનો નિષ્ચેષ્ટ દેહ જડવત પડી રહ્યો સગાં, સ્નેહી, મિત્રો સૌ એકઠા થયા અને તેના મૃતદેહને બાંધીને સ્મશાનમાં લઇ ગયા ત્યાં કેટલીક વિધિ કર્યા પછી તેના દેહને ચિતા ઉપર ગોઠવીને અગ્નિ સંસ્કાર કર્યો થોડીવારમાં તે નાશ પામ્યો.

યમલોકમાં પહોંચ્યા પછી યમદુતોએ તે જીવાત્માને ધર્મરાજા સમક્ષ રજુ કર્યો. ધર્મરાજાએ પૂછ્યું: "તારૂં ધન કયાં"

" તીજોરીમાં **અને** બેંકોમાં "

તારા પશુઓ કયાં ?

" ગોંદરે "

" તારી પત્ની કયાં "

" તે તો ઘેર જ રહી "

" તારા મિત્રો "

તે તો મારા દેહને અગ્નિસંસ્કાર આપી પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. અને તું જે દેહ માટે અભિમાન ધારણ કરતો, અવનવા વસ્ત્રો આ ભુષણો વડે જેની સજાવટ કરતો હતો, તે તારો દેહ કયાં છે? "તે તો બળીને ખાખ થઇ ગયો" ત્યારે આંજ સુધી જેઓની સાથે તે અમનચમન કર્યું ભોગો ભોગવ્યાં. જેઓએ તારી લક્ષ્મીનો ઉપયોગ કર્યો અને જેઓને તેં જીવથી પણ અધિક માન્યા. તેઓમાંનું કોઇ તારી સાથે આવ્યું નહિ એ વાત ખરીને"

" જી હા મહારાજ "

એમ કહેવાય છે કે, મનુષ્ય મરે છે ત્યારે પોતાના શુભ અશુભ કર્મો સાથે લઇ જાય છે. શુભ કર્માનું શુભ ફળ મળે અને અશુભ કર્મોનાં અશુભ ફળ મળે છે-

એટલા માટે જીવનમાં શુભ કર્મો કરતાં રહેવું કે જેથી પરલોકમાં સુખ-શાંતિ મળે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રમણ ભગવાન મહાવીર

લેખક : શ્રીમદ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

કર્મ સત્તા પાસે રાજા અને રંક, ભગવાન અને ભક્ત બધા ય સમાન છે. ઉગ્ર આવેશથી આનંદ પૂર્વક કોઇ પણ પાપાચરણ થઇ ગયું અને પાછળથી પશ્ચાત્તાપનો પ્રસંગ ન આવ્યો હોય તો તે પાપાચરણની સજા ભોગવ્યા સિવાય કોઇને ચાલતું નથી.

સાતમી નરક એટલે બાહ્ય દુઃખોને ભોગવવા માટે છેલ્લામાં છેલ્લું સ્થાન, ત્યાંનું આયુષ્ય પણ અસંખ્ય વર્ષનું, મહાવીર પ્રભુનો આત્મા અસંખ્ય વર્ષો પર્યંત અનેક પ્રકારે ભયંકરમાં ભયંકર યાતનાઓને ભોગવી વચ્ચે સિંહ અને પુનઃ નરક વગેરેના જન્મ પામી ત્રેવીશમા ભવમાં છ ખંડના ઐશ્વર્યને ભોગવનારા **પ્રિયમિત્ર** નામના ચક્રવર્તી થયા. ચક્રવર્તીનું સ્થાન એટલે માનવ જીવનમાં બાહ્ય સુખની પરાકાષ્ઠાનું સ્થાન નયસારના જીવનમાં આત્મદર્શન થયા બાદ વચ્ચે વચ્ચે અનેક વાર પ્રકાશમાંથી અંધકારના પલટાઓ આવ્યા પરંતુ પ્રિયમિત્ર ચક્રવર્તીના ભવથી તે મહાવીરના ભવ સુધી હવે એક સરખો પ્રકાશ જ ટકી રહ્યો ચક્રવર્તીના જીવનમાં હરકોઇ પ્રકારે સુખ સાહ્યબીની હાજરી છતાં આચાર્ય ભગવંતના સમાગમ પછી ચક્રવર્તીના અંતરંગ જીવનમાં પરિવર્તન થયું. ભૌતિક જગતના ચક્રવર્તી બનવા છતાં આધ્યાત્મિક વિશ્વના ચક્રવર્તી બનવાની તાલાવેલી લાગી. અને એ તાલાવેલીના કારણે છ ખંડના વૈભવનો ત્યાગ કરી. આત્માનું અખંડ સામ્રાજ્ય પ્રાપ્ત કરવા પ્રિયમિત્ર ચક્રવર્તી ચાલી નીકળ્યા, પરંતુ સાધનાની પૂર્ણતા થાય તે પહેલાં આયુષ્ય પૂર્ણ થયું. અને પચીશમાં **નંદનકુમાર**ના ભવમાં પુનઃ એ સાધનાનો પૂર્ણ વેગથી પ્રારંભ થયો.

## પરમાત્મદશાના બે પ્રકાર

પરમાત્મદશા બે પ્રકારની હોય છે. એક પરમાત્મદશામાં સ્વ કલ્યાણની જ પ્રધાનતા હોય છે જ્યારે બીજા નંબરની પરમાત્મદશામાં સ્વ કલ્યાણની પ્રધાનતા સાથે વિશ્વના સર્વ જીવોના કલ્યાણ માટેના પુરૂષાર્થની પણ તેટલી જ પ્રધાનતા હોય છે. પ્રથમ નંબરની પરમાત્મદશા પ્રાપ્ત કરનારા જીવાત્માઓ અનંત સંખ્યામાં હોય છે. પણ બીજા નંબરની પરમાત્મદશા પ્રાપ્ત કરનારી વિભૂતિઓ એક એક કાળપ્રવાહમાં (જૈન દર્શનની અપેક્ષાએ એક ઉત્સર્પિણી-એક અવસર્પિણી કાળમાં) ફક્ત ચોવીશની સંખ્યામાં જ થાય છે. એ વિભુતિ જૈન દર્શનમાં તીર્થંકરોની સંખ્યા ૨૪ અને તીર્થંકર, ઈશ્વર પ્રભુ વિગેરે વિશિષ્ટ નામોથી ઓળખાય છે. હિંદુઓમાં અવતારી પુરૂષોની સંખ્યા પણ ૨૪, સર્વત્ર પ્રસિદ્ધ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## નંદનમુનિ અને પરમાત્મ દશા સાથે તીર્થંકર પદની યોગ્યતા

ભગવાન મહાવીર પહેલા પ્રકારની પરમાત્મદશાને પ્રાપ્ત કરનારા ન હતા. પરંતુ પોતાને પરમાત્મદશા પ્રાપ્ત થવા સાથે વિશ્વના સર્વ જીવોને પણ એ અનંત સુખના સ્થાનની પ્રાપ્તિ થાય એ માટેના પુરૂષાર્થની પ્રધાનતાવાળા હતા. નયસારના જીવનમાં જ્યારે આત્મદર્શન કિંવા સમ્યગદર્શન થયું ત્યારે જ એ સમ્યગદર્શનમાં અન્ય જીવોના આત્મદર્શનની અપેક્ષાએ બીજરૂપે વિશેષતા હતી. પણ પચીસમા નંદનમુનિના ભવમાં એ વિશેષતા ફાલીફુલી અને તીર્થંકર પ્રભુ કિંવા ઇશ્વર થવાની લાયકાત સંપૂર્ણ તથા નિશ્ચિત બની. આ નંદનકુમાર એક રાજવીના સુપુત્ર અને યુવરાજપદે હતા. પણ હવે અંતરમાં અજવાળાં કાયમી હોવાના કારણે પ્રિયમિત્ર ચક્રવર્તીના ભવમાં અપૂર્ણ રહેલ સાધનાનો પુનઃ પ્રારંભ કર્યો. એક સમર્થ ત્યાગી-વૈરાગી આચાર્યદેવ પાસે નંદનકુમાર દીક્ષિત થયા તે જ દિવસે જીવનપર્યંત એક એક માસના ઉપવાસ કરવાની ઉગ્ર પ્રતિજ્ઞા ગ્રહણ કરી. પોતે તો પોતાની સાધનાના માર્ગમાં ખૂબ પ્રગતિ સાધી રહ્યા હતા. પરંતુ અંતરના ઊંડાણમાં કાયમ માટે એક તીવ્ર વેદના ભરેલી હતી. એ વેદના એ હતી કે વિશ્વના સર્વ જીવોને તાત્ત્વિક દૃષ્ટિએ ક્યાંઇ શાંતિ નથી. કોઇ આધિ-વ્યાધિ-ઉપાધિથી, કોઈ રોગ-શોક સંતાપથી અને છેવટે જન્મ જરા-મરણના ત્રાસથી આખુંય જગત પીડાઇ રહ્યું છે. જગતના સર્વ સંસારી જીવોનો આ ત્રાસ કઈ રીતે દૂર થાય ? હું એ સર્વ જીવો પાસે એક એવું ઉચ્ચકક્ષાના ધર્મતીર્થનું અવલંબન રજુ કરૂં કે જેના અવલંબનથી સંસારના સમસ્ત જીવો સર્વ પ્રકારના દુઃખોથી મુકત થાય અને ઐકાન્તિક સુખ શાંતિના સંપૂર્ણ ભોકતા બને. જગતમાં કેટલાક શ્રીમંતો પોતાની શ્રીમંતાઇનો પોતાને માટે ભોગવટો કરનારા હોય છે જ્યારે કેટલાક પુન્યવાન શ્રીમંતો પોતાની શ્રીમંતાઈનો પોતાના માટે જ ભોગવટો કરવામાં સંતોષ નથી માનતા પરંતુ કોઇપણ દીન, દુઃખી, નિરાધારને પોતાની સંપત્તિનો ભોગવટો થાય તેમાં જ આનંદ માનનારા હોય છે એ પ્રમાણે તીર્થંકર ભગવંતના આત્માઓમાં પણ સંસારના સર્વ જીવોને સર્વ પ્રકારે સદાકાળ માટે સુખી કરવાની લોકોત્તર ભાવના પ્રગટ થાય છે અને એ ભાવના પ્રકટ થાય તો જ તે આત્માઓ ભાવિકાળે તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે.

शिवमस्तु सर्व जगतः परहित निरता भवंतु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्रसुखीभवतु लोकः ॥

આ પરમમૈત્રી ભાવનાનો આદર્શ તીર્થંકર થનાર આત્માના અસંખ્ય પ્રદેશોમાં અસ્થિમજ્જા સમાન ઓતપ્રોત થયેલો હોય છે. (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મનને હીનકક્ષાનો આનંદ ગમે છે.

લેખક : શા. દીપચંદ જીવણલાલ

મારી અમુક સમયની સાધના પછી મને જણાયું છે કે મારૂં મનોબળ નબળું છે. મને મારી જાત માટે દુઃખ થાય છે. મને જેટલું દુઃખ મારા મને આપ્યું છે તેટલું દુઃખ જીવનમાં કોઈએ આપ્યું નથી. મારૂં મન પોતાની રીતે વર્તન કર્યા કરે છે. મારા મનની વ્યાકુળતા, અસ્તવ્યસ્તતા અને ક્ષુબ્ધતાનો કોઇ અંત નથી મનવૃત્તિઓનું થયુ છે અને તમારો પીછો સહેલાઇથી મૂકે તેવું નથી. મન હીનકક્ષાનો આનંદ મેળવવા હંમેશા આતુર હોય છે. જ્યારે જ્યારે મનને તક મળે ત્યારે ત્યારે તે ઝડપીલે છે. કોઈ વ્યકિતના જીવનના હીન પાસાઓનું શ્રવણ કરીને મન આનંદ અનુભવી લે છે. મનની આ નીચી ભુમિકાનું ઉર્ધ્વીકરણ કષ્ટ સાધ્ય છે. મનને હીનવાનો સાંભળવી અને કહેવી ગમે છે.

આ હીનવૃત્તિઓના નિવારણ માટે મેં ઉપવાસ, જપ વગેરે કર્યા મને લાગ્યું કે આવા પ્રકારનો રસ્તો લેવાથી મનનું ઉર્ધ્વીકરણ બરાબર થતું નથી. ઉપવાસ જપ તપ વગેરે કરવાથી અમુક અંશે મન શાંત થાય છે પરંતુ આ શાંતિ અંગારા ઉપરના રાખ જેવી છે. નાનુ સરખું તોફાન આવતાં રાખ ઉડી જાય છે અને અંગારો પ્રજ્વલિત થાય છે. એટલે કે તમારૂં મન પોતાની અસલ સ્થિતિમાં પ્રગટી ઊઠે છે.

મને અનુભવ થયો છે કે જ્યારે હું અયવગૃત રહું છું એટલે સારાસારનો વિવેક ભૂલી જાઉં છું ત્યારે મન હીનકક્ષાનો આનંદ લેછે. ક્ષણે ક્ષણુથી જાગૃત્તિ આત્મ સુધારણા કરાવી શકે છે.

મનની વૃત્તિ તમને કેવી રીતે ફેરવે છે તેની સમજ મેળવવા પ્રયત્ન કરો. ધીમે ધીમે એ વૃત્તિનો તમારામાંથી ક્ષય થશે આ ક્રાંતિકારી સ્થિતિ પ્રાપ્ત કરવા તમારે ધીરજ રાખવી પડશે. એમાં કેટલાંય તબક્કા આવશે કે જ્યારે તમે ગુંગળાઈ જશો, અટવાઈ જશો. આવું બને તોપણુ મનની ક્રિયાને તટસ્થ રીતે સમજતા શીખો. મનને દબાવવાથી કે ઉપદેશથી તેમાં પરિવર્તન શક્ય નથી. પરિવર્તનનો વિવેક બુદ્ધિ સાથે સબંધ છે. મન જ્યારે ઉર્ધ્વગામી ભૂમિકામાં આવશે ત્યારે તમે આધ્યાત્મિક માર્ગના સાચા પથિક બનશો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ગિરિનાર ગિરીશ્વરકલ્પનું ભાષાંતર

સંગ્રાહક : સ્વરૂપચંદ હીરાચંદ શાહ

वरधर्मकिर्ती विद्यानन्दमयो वम विनत देवेन्द्रः ।
स्वस्तिश्रोनेमिरसौ गिरिनार गिरीश्वरो जयति ॥

શ્રેષ્ટ ધર્મ, કીર્તી, વિદ્યા અને આનંદથી ભરપૂર તથા કલ્યાણની લક્ષ્મીથી યુક્ત એવા શ્રી નેમીનાથ ભગવાનને ઇન્દ્રો નમસ્કાર કરે છે એવા શ્રી નેમીનાથ ભગવાન જ્યાં બિરાજે છે તે ગિરિનાર ગિરિશ્વર જાવત વર્તે છે (૧)

नेमिजिनो यदुराजिमतीव्य राशीमतिव्यजननो यम् ।
शिश्राय शिवायासौ गिरिनार गिरिश्वरो जयतो ॥

યાદવોની ઉપેક્ષા કરીને તેમજ રાજમતીનો ત્યાગ કરીને શ્રી નેમીનાથ પ્રભુએ મોક્ષ મેળવવા માટે જેનો આશ્રય કર્યો તે ગિ.રનાર ગિરિશ્વર જયવંતા વર્તે છે (૨)

स्वामीच्छमशिलान्ते प्रवज्य यदुच्यशिरसि चक्राणः ।
ब्रह्मावलाकनमसौ गिरिनार गिरश्वरो जयति ॥

છત્ર શિલ્પના અંત ભાગે દીક્ષા ગ્રહણ કરીને જેના ઉંચા શિખર પર રહી સ્વામી સ્વરૂપનું અવલોકન કરતા હતા તે ગિરનાર ગિરિશ્વર વર્તે છે. (૩)

यमसहस्त्राम्रवने केवलमाव्यादिशमिभुर्धर्मम् ।
लक्षारोम सोऽयं गिरिनारगिरीश्वरो जयति ॥

જ્યાં સહસ્ત્રાભવનમાં કેવળજ્ઞાન પામીને લક્ષારામમાં (સમવસરણમાં) પ્રભુએ ધર્મ ઉપદિશ્યો તે ગિરિનાર ગિરિશ્વરો જયવંતા વર્તે છે. (૪)

निवृत्तिनिनवीर्नीवरनितं बसुखमाप यन्नितवस्थ ।
ची यदुकूतिलकोऽथं गिरीनार गिरीश्वरो जयति ॥

જેના ઉચ્ચ પ્રદેશ ઉપર રહીને યાદવ તિલક શ્રી નેમીપ્રભુ નિવૃત્તિ રૂપી સ્ત્રીના શ્રષ્ટ નિતંબનું સુખ પામ્યા તે ગિરિનાર ગિરિશ્વર જયવંતા વર્તે છે (૫)

बुद्धवा कल्याणत्रयमिह कृष्णो रुप्यरुवमणि जिनम् ।
चैत्यत्रयमकृतायं गिरिनार गिरिश्वरो जयति ॥

જ્યાં નેમીપ્રભુના ત્રણ કલ્યાણક જાનીને કૃષ્ણ વાસુદેવે રૂપાનાં, સુવર્ણનાં, અને મણિના બિંબમય ત્રણ ચૈત્યો કરાવ્યા તે ગિરિનાર ગિરિશ્વરો જયવંતા વર્તે છે. (૬)



[ક્રમશઃ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશ્વમાન્ય ધર્મ

લેખક—શાહ ચતુર્ભુજ હરજીવનદાસ

સાગર સુખ શોધ્યા કરે,
આભ અને પાતાળ,
ખારા પાણી શું ગ્રહે ?
દુઃખ અનાદી કાળ........ ૨૨૧

સુખ સાગર સંસારપણુ,
દુઃખનો દાવાનળ,
સ્વર્ગ મૃત્યુ પાતાળ જીવ,
લીલામગ્ન નિશ્ચળ........... ૨૨૨

સુખસાગર તે આતમા,
દુઃખ દાવાનળ દેહઃ
મિત્ર શત્રુ થઇ જગરહે,
મોક્ષ સંસારી રેહ........ ૨૨૩

સુખને દુઃખ ભાળે નહીં,
દુઃખને ભાળે સુખ,
નિહાર આહાર ભાળે નહિ,
આહાર નિહાર સન્મુખ ....... ૨૨૪

સુખ સુખ એટલે આતમા,
દુઃખ દુઃખ એજ શરિર;
સુખ દુઃખ અનુભવ હોયતો;
મોક્ષ સંસાર અમિર........ ૨૨૫

કાળભુતના સુખદુઃખ,
પ્રસંગે કરો સમરણ;
પરોક્ષ પણ ઉપયોગી છે,
કુમતા કાષ્ટ શરણ ....... ૨૨૬

વર્તમાને વર્તન વધે.
સુખદુઃખ કારણ કાર્ય;
અભ્યાસ અનુભવ રાખીયે,
જીવન આદર્શ આચાર્ય....... ૨૨૭

આશા માત ભવિષ્યની,
સુખદુઃખ કારણ રોજ;
અગમચે નિજ ન જીવતા,
કાર્યકારણ કરિખોજ........ ૨૨૮

સજ્જન સજા ભોગવે,
ન્યાય કરે સેતાન;
સર્પ સસૂદર જો ગળે,
ઉભય વિલક્ષણ માન........ ૨૨૯

ચડતિ ચડાવે ચાકડે,
પડતિ પાડે પોકાર;
હોળી દીવાળી સૌ કરે,
રંગ ઢંગે ફેરફાર........ ૨૩૦

ચડતી પડતિ જગમહીં,
માને લક્ષ્મીમાં ય,
ગુણ અવગુણ માને નહીં,
કર્માંધી। જન ન્યાય........ ૨૩૧

ચડતી પડતીમાં બને,
કર્મચોર શાહુકાર;
ઉદ્યમ બિચારો શું કરે ?
લક્ષ્મીના કારભાર........ ૨૩૨

 [ ક્રમશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No. Reg G BV-37

# "ભક્તિ"

રાગ: ના પૂછો કોઇ હમે જહર કયું પીલીયા
(ફિલ્મ અમાનુષ)

ના પૂછો કોઇ હમે,
ભક્તિ કયું કરતા હું,
ભક્તિ મેં લીન હું તો,
થોડા સા પાઉંગા....(૨)

ઇસ ભવમેં ભક્તિ કીતો,
થોડા સા મેં પાઉંગા,
થોડા સા પાઉંગા તો,
ભક્તિ કી ખુશ્બુ ફૈલાઉંગા,

સુના હૈ કર્મ ભક્તિ સે તૂટ જાતે હૈ.
ના પૂછો....

જબ જરૂરત તેરી તો,
તુજે પૂજે સારાં જહાં,
જબ જરૂરત નહિ તો,
ન પૂજે કોઇ યહાં,

સુના હૈ મોક્ષ ભક્તિ સે મિલતા હૈ.
ના પૂછો....

રચયિતા :
દિનેશકુમાર કાંતિલાલ શાહ

## -:શ્રી મંગળસૂત્ર નમસ્કાર:-

શ્રી અરિહંત
ભ ગ વા ન ને
નમસ્કાર હો.....[૧]

卐

શ્રી સિદ્ધ
ભ ગ વા ન ને
નમસ્કાર હો...[૨]

卐

શ્રી આચાર્ય
ભ ગ વં ત ને
નમસ્કાર હો.......[૩]

卐

શ્રી મહોપાધ્યાય
ભગવંતને
નમસ્કાર હો.......[૪]

卐

લોકમાં રહેલા સર્વ સાધુ
ભ ગ વં ત ને
નમસ્કાર હો.......[૫]

卐

આ પંચ નમસ્કાર, સર્વ પાપોનો નાશ કરનાર તથા સર્વ મંગલોમાં પ્રથમ મંગળ રૂપ છે.

—મુની ચરણ વિજયજી

પ્રકાશક : જયંતિલાલ મગનલાલ શાહ. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક : ફતેચંદ ખોડીદાસ ગાંધી, અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ, ખારગેટ-ભાવનગર

For Private And Personal Use Only